॥ ॐ श्री परमात्मने नमः ॥

લક્ષ્મિ-વિજય.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

શ્રી સરસ્વતિ નાટકસમાજ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર.
વાડીલાલ હરગોવનદાસ શાહ.
માલેક—શ્રી સરસ્વતિ નાટક સમાજ.
અમદાવાદ.

—:o:—

અમદાવાદ, પાનકોરના નાકે આવેલા
શ્રી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણુપતરામે છાપ્યા.

—:—:o:—:—

કીંમત ૦-૨-૦ બે આના.

ॐ श्री

લક્ષ્મિ વિજય.

નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

શ્રી સરસ્વતિ નાટક સમાજ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વાડીલાલ હરગોવનદાસ શાહ.

માલેક—શ્રી સરસ્વતિ નાટક સમાજ.

હાલ મુ. અમદાવાદ, આનંદભુવન થીએટર.

આવૃત્તિ ૨ જી સને ૧૯૧૯ પ્રત ૨૦૦૦

અમદાવાદ-પાનકોરના નાકે “ મનહર ” પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.

કિંમત બે આના.

શ્રા ૧૧

પ્રસ્તાવના.

અમને જણાવવાને ખુશાલી ઉપજે છે કે અમારી કમ્પની ટુંક સમયમાં ઉત્પન્ન થઇ આજરોજ બીજો લક્ષ્મિ—વિજય નામક પ્રયોગ ભજવવા ભાગ્યશાળી થઇ છે. સુરતની કદરદાન પ્રજાએ જેવી રીતે અમારા પ્રથમ પ્રયાસને આશ્રય આપી અમારો શ્રમ સફળ કર્યો છે તેવીજ રીતે અમારા ન્યુતન પ્રયાસનો શ્રમ સફળ કરશે એવી આશા રાખીએ છીએ, એજ વીનંતી.

લી૦

તા૦ ૧૬-૪-૧૯૧૪
ગુરૂવાર.

વી૦ એચ૦ શાહ.
માલેકઃ—સરસ્વતી નાટક સમાજ.

શ્રી લક્ષ્મિ નારાયણ વિજયત.

શ્રી લક્ષ્મિ-વિજય નાટકનો પ્રવેશવાર ટુંકસાર.

(સુત્રધાર નટીનું વસ્તુસુચન.)

પુર્વ વૃત્તાંત.

મોહપુરના જુલ્મી રાજા મદાંધસીંહને પોતાના ખંડીયા અમરગઢના રાજા વૈરીસિંહ સાથે ખંડણી બાબતનો વાંધો ઉઠે છે; જેને પરીણામે લડાઇ થાય છે. મદાંધસીંહના મોટા બળવાન લસ્કર સામે મુઠીભર માણસો લઇ મેદાનમાં પડેલો વૈરીસીંહ કેસરીયા કરી ઘણી બહાદુરીથી લડે છે. પણ આખરે મદાંધની તલવારનો શીકાર બની જાય છે તથા તેનું લસ્કર કપાઇ જાય છે. એ સમયને છોડી મદાંધની છાવણીમાં મરનાર વૈરીસીંહ ઠાકોરની લાશ લાવવામાં આવી ત્યાંથી આ નાટકની શરૂઆત કરેલી છે. (અસ્તુ)

પ્રવેશ ૧ લો—સ્થળ છાવણી, મોહપુરનો જુલ્મી રાજા મદાંધસીંહ દુસ્મન અમરગઢનો રાજા વૈરીસીંહ, જે છેલ્લી લડાઇમાં વેરી, મદાંધની તલવારનો શિકાર થઇ પડયો છે. તેની અસ્ત વ્યવસ્થ લાશ પર પગ ઠેકવી વેર લેવાયા છતાં પણ ક્રોધની જ્વાળા ખાલી કરતો નજરે પડે છે, સરદારોને શાબાશી આપ્યા બાદ સેનાપતિ દુર્જનસિંહ જેને ગામ સળગાવવાના તથા મર્હુમની કુંવરીને પકડી લાવવાના કામે મદાંધસિંહે યોજ્યો હતો, તેનું આવવું, પોતાને સોંપાએલું કર્પીણુ કામ પુરૂ થયાના ખુશ ખબર આપવા તથા કેદી કુંવરીને હાજર કરવી, કુંવરીનું સૌંદર્ય જોઇ મદાંધસિંહ મોહાશક્ત થાય છે, તથા કુંવરીને પોતાની કરવા પ્રયાસ કરે છે, કુંવરીનો ઇન્કાર રાજાએ સખ્ત ધમકી ને આખરે પોતાના કુંવર વિજયસિંહની દેખરેખમાં સોંપી ગુસ્સામાં ચાલ્યા જવું, સમાન પ્રકૃતિવાન યુગલ પાત્રોનું પ્રથમ પ્રેમદર્શન.

પ્રવેશ ૨ જો—સ્થળ બગીચો-દિવાન સુજાનસિંહની પુત્રી તારા, જે લાંબા સમયથી સેનાપતિ દુર્જનનો પુત્ર રમણ જે લશ્કરમાં એક સરદારનો દરજ્જો ભોગવે છે તેનું ચીંતવન કરતી નજરે પડે છે. સાહેલીઓનો વિનોદ પ્રીયતમ વિયોગી તારા, હૃદયની અસ્વસ્થતાને લીધે મજાક બંધ કરાવે, બાદ રમણનું આવવું, ઉભયના પ્રેમ ઉભરા, જે લાંબા સમયથી દબાયા હતા તે પ્રકાશમાં આવે છે.

પ્રવેશ ૩ જો—સ્થળ, પાનાચંદનું મકાન, પૈસાનો લોભી. લાલચનો ગુલામ, પાનાચંદ પૈસાને લોભે પુત્રી મધુરીને વેચવા તૈયાર થયો છે, મધુરી જેનું દીલ મનહર નામના વિદ્વાન પણ નિર્ધન યુવકપર લાગેલું છે, તે બાપને આજીજી કરે છે, પથ્થર હૃદયનો લોભી બાપ પુત્રીની માગણીને તીરસ્કારી કાઢે છે, બાદ ઉમેદવારોનું આવવું, કન્યા-વિક્રયનો હૃદયભેદક ભયંકર ચિતાર, બાદ મનહરનું આવવું. દ્રવ્યલોભી પાનાચંદે તેને તદન નિરાશ કરી અપમાન આપી હાંકી કાઢવો, તથા પોતાની પુત્રીને એક સાઠ વરસના નથુભાઇ નામના પૈસાદાર બુઢ્ઢાને આપવા તૈયાર થવું, બુઢ્ઢાનું મધુરી મળવા માટે મલકાવું.

પ્રવેશ ૪ થો—સ્થળ, મહેલ-ચાર દીવસની ખોટી ચડતીપર મલકાતો મદાંધ આશાના હવાઇ કીલ્લા બાંધતો નજરે પડે છે. બાદ કુંવર વિજયસિંહથી અપમાન પામેલો નિમકહરામ સેનાપતિ દુર્જનસિંહ વૈરની ધુનમાં બડબડતો બડબડતો આવે છે. તથા પોતાની ફરેબ જાળ રાજાપર નાખી, કુમારને માટે હલકા વિચારો દસાવે છે, કાચા કાનનો મતિમંદ રાજા ઉશ્કેરાય છે, અને કુંવરનાં કરતુક નજરો નજર જોવા દુર્જન સાથે જાય છે.

પ્રવેશ ૫ મો—સ્થળ ઉધ્યાન. પ્રેમ માર્ગે ભૂલી પડેલી લક્ષ્મિ વિજયસિંહના વિયોગે બેચેન છે. સખીયોનો હાસ્ય વિનોદ બાદ વિજયનું આવવું, ઉભયનું પ્રેમમાં તલ્લીન થવું, દુષ્ટ સેનાપતિ દુર્જને

રાજાને લાવી નજરોનજર તે ચિતાર બતાવવો, રાજાનું ઉસ્કેરાવું.

પ્રવેશ ૬ ઠો—સ્થળ મહેલ. ઉસ્કેરાએલો મદાંધ, કુમાર વિજય રૂપ કાંટો કેમ દુર કરવો, તે વિચાર કરતો દુર્જનસિંહ સાથે મસલત કરે છે, પાપી દુર્જનસિંહે, વાતને ગંભીર રૂપ આપી કુમારને કેદ કરવાની સલાહ આપવી. રાજાએ હુકમ આપી ચાલ્યા જવું, ફતેહથી ફુલાઇ દુષ્ટ દુર્જન મલકાય છે, એટલામાં અત્યાર સુધી છુપાઇને સાંભળતી દુર્જનની વફાદાર સુશિલ પત્નિ સુશિલાએ જાહેર થઇ પતિના કાર્ય તરફ તિરસ્કાર દર્શાવવો, સત્યા સત્યપર તીખ્ખી તકરાર, આખરે ઉસ્કેરાઈ ગએલા દુર્જને સુશિલાને કત્લ કરવા ખંડેરમાં મોકલી આપવી.

પ્રવેશ ૭ મો—સ્થળ રસ્તો. નિરાશ થયેલો મનહર, મધુરી ન મળ્યાના અફસોસથી દુનિયાથી કંટાળી, આપઘાત કરવા તૈયાર થાય છે; બુઢ્ઢા નથુભાઇ શેઠના રમુજી નોકર નટવરથી અટકાવ, નટવરે તેને મધુરીની મુલાકાત આપવી, સાચા પ્યારનો ચિતાર, અરસપરસ અડગ રહેવાની પ્રતિજ્ઞા, એટલામાં અંગારના અંગારથી બળતી, ગયેલા જોબનને સંભારતી એક સાઠ વરસની યુવતી દાખલ થાય છે, પ્રેમની હાય, પરણવાના વિચાર, નટવર તેને હથિયાર બનાવી, મધુરીના કપડાં પહેરાવી, પોતાના શેઠ નથુભાઇને પરણવાનો પ્રપંચ રચે છે. બુઢ્ઢીની ખુશાલી.

પ્રવેશ ૮ મો—સ્થળ ખંડેર. કત્લ કરવા લાવેલ સુશિલાનું ગળું કાપવા મારાઓની તૈયારી, વિજયને હાથે મારાઓ હાર. સુશિલાનો બચાવ, અચાનક દુર્જનનું આવી ચઢવું, સવાલ જવાબ ને આખરે વિજયને કેદ કરવો એટલામાં રમણનું આવવું, પિતા પુત્ર વચ્ચે ઝગડો, લડાઇ, દુર્જનની હાર.

(ડ્રોપ)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ જંગલ, સુશિલા, દુર્જનના કાવત્રાંથી, અજાણુ નિર્દોશ બાળકો રમણ તથા વિજયને ચેતતા રહેવા સમજાવે છે, તથા જે રાજ્યમાં ધર્મ, નીતિ, સત્યતા અને ફર્જદારી નથી તે રાજ્ય છોડવા ભલામણ કરે છે, તેથી વિજયસિંહ લક્ષ્મિને અને રમણ તારાને લેવા જાય છે.

પ્રવેશ ૨ જો—સ્થળ મહેલ. મદાંધના ત્રાસનો શિકાર થઇ પડેલી લક્ષ્મિની કમનશીબ હાલત, વિજય પ્રત્યે શુદ્ધ ભાવનાવાળા નિર્મળ વિચારો, મદાંધનું આવવું, વિજયનો પ્યાર છોડી પોતા તરફ દિલ દોરવવા ફરજ પાડવી, લક્ષ્મિએ તીરસ્કારયુક્ત જવાબ આપી ખરા વિચારો જણાવવા, મદાંધે ક્રોધે ભરાઇ ઠાર મારવા ધસવું, વિજયથી લક્ષ્મિનો બચાવ. (ટેબ્લો)

પ્રવેશ ૩ જો—સ્થળ લગ્નમંડપ—નટવરની યુક્તિથી મનહર તથા મધુરી નાશી જવામાં ફતેહમંદ નીવડે છે. ફુઇ અલબેલીનાં શોખીન શેઠથી લગ્ન, સાજનનું જવું, પ્રેમવશ પીયુજીને પરણેતર પ્રીયાને મુખદર્શન થવું, મધુરીને બદલે ફુઇને જોઇ નથુભાઇ શેઠનું ઝબકી જવું.

પ્રવેશ ૪ થો—સ્થળ દરબાર, અંતર આગથી બળતો મદાંધ ચાલુ નાચ રંગને બંધ કરવા ફરમાવે છે, બાદ દુર્જનની ઉશ્કેરણીથી કુમારને બોલાવી પાટવી પદ પરથી દુર કરી દેશવટો આપે છે. રાજાના. આ સાહસથી ઉશ્કેરાયલો વજીર રાજાને તેમ ન કરવા સલાહ આપે છે, રાજા તેની સલાહને તિરસ્કારે છે, અને ગુમાનમાં ચાલ્યો જાય છે, વફાદાર વજીરના નેકી ભરેલા વિચાર.

પ્રવેશ ૫ મો—સ્થળ વઝીરનું મકાન. રમણના વિયોગે રિબાતી તારા, વઝીરનું આવવું, પોતે રાજા સામે મેદાનમાં પડનાર છે, માટે પોતાની પુત્રીના લગ્ન રમણથી કરી રમણને અન્ય દેશમાં ચાલ્યા જવા ફરમાવી પોતાની પુત્રી રૂણથી મુક્ત થઇ મેદાન પકડે છે. રમણ તારાને લઈ જવા તૈયારી કરે છે તેટલામાં દેશવટાના દરદથી પિડાતો વિજય મળે છે. રમણ ધીરજ આપી તારાને લઇ માતા સુશિલા પાસે જવા સલાહ આપે છે, અને પોતે લક્ષ્મિનો છુટકારો કરવા રોકાય છે.

પ્રવેશ ૬ ઠો—સ્થળ જંગલ. ઝુંપડીમાં સુશિલા પ્રભુની કુદરત પર અને સ્વામીની બેઇમાનીપર વિચાર કરતી ગંભીર ચ્હેરે નજરે પડે છે. બાદ તારાને લઇ વિજયનું આવવું, દુઃખી જીવડાંઓની દુઃખી લાગણી, બાદ લક્ષ્મિને લઇ પાછળ પડેલા લશ્કર સાથે હરિફાઈ કરતો ખુલ્લી તલવારે દાખલ થાય છે, છુપાવવાની પેરવી તેટલામાં દુર્જનનું આવી પહોંચવું, સજ્જડ તકરાર ને આખરે લક્ષ્મિ વિજય ને રમણ કેદ. (ટેબ્લો.)

પ્રવેશ ૭ મો—સ્થળ છુપું મકાન. સ્ત્રી જાતીને શોભાવનાર ગરીબીમાં સંતોષ માનનારી મધુરી, પતિ સમાગમના આનંદ સાગર. માં તરતી નજરે પડે છે, સાચો પ્યાર અમીરોના મહેલોમાં નહિ પણ ગરીબોની ઝુંપડીમાંજ છે. તેની સાબિતિ, એટલામાં ગુલ્ફીના મીઠા પ્યારની તલવારથી ઘાયલ થયેલા, નાસીપાસ થયેલા શેઠ નથુભાઇ પ્રેમ પર લાનત વરસાવતા આવે છે. પાછળ શોધવા નીકળેલી ગુલ્ફીજી આવી પહોંચે છે. નથુભાઈની કમનશિબ દશા ખટારો ખાંધે વળગવો.

પ્રવેશ ૮ મો—સ્થળ કારાગ્રહ, લક્ષ્મિ વિજય અને રમણની કંગાળ હાલત, રાજા મદાંધસીંહનું આવવું, ધર્મ અધર્મપર તકરાર ને આખરે વિજય જખમી થવો, ઉશ્કેરાયલા વજીરે વચ્ચે પડી સચ્ચાઇ પર પ્રાણ આપવો, વધુ ઝનુની બનેલા રાજાએ આખું નગર જે પોતાથી વિરૂદ્ધ થયું છે, તેને સળગાવવા હુકમ કરી વસ્તીપર વિક્રાળ પ્રાણીઓ છોડવાં. (ટેબ્લો.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ મહેલ. મદાંધના જુલ્મી વિચાર કેદીઓને વ્યવસ્થા કરવા પરવાનો મોકલવો.

પ્રવેશ ૨ જો—સ્થળ જંગલ. કંગાલ હાલતમાં આવી પડેલાં તારા ને સુશિલા, સુશિલાના ખોળામાં નિંદ્રાસ્થીત થયેલી તારા ભયંકર સ્વપ્નું આવવાથી જાગી ઉઠે છે. બાદ આસિપ નામના જેલરે આવી, દિવાનના મોતના કર્પિણ સમાચાર આપવા, સુશિલા અને તારાનો અફસોસ, તારાએ આપઘાત કરવા તૈયાર થવું, મરહુમ દીવાનના રૂહે પ્રગટ થઇ પોતાનું વેર લેવા સુચવવું, તારાની વૈર લેવાની ભયંકર પ્રતિજ્ઞા.

પ્રવેશ ૩ જો—સ્થળ કત્લખાનું. મર્હુમ વજીરની લાશપર, નફરત વરસાવતો દુર્જન, રમણને વિજયની મિત્રતા છોડવા ફરજ પાડે છે. મિત્ર ધર્મ સમજનાર, મિત્રમણી રમણ પોતાની ટેકપર અડગ રહે છે.

ગુજારે જુલ્મથી કંઇ, ટેકીઓની ટેક ના જાતી,
ઘસો તલવાર ઝાઝી, તેમ વધુ તૈયાર થઇ જાતી.

દુર્જનનું એકદમ ઉસ્કેરાવું, રાજાનો પરવાનો આવી પહોંચવો, પરવાનાને આધારે લક્ષ્મિને મહેલમાં લઇ જવાનો વિજયને દરિયામાં ફેંકવાનો, અને રમણુને કત્લ કરવાનો હુકમ જેલર આસિફને કરવો. વફાદાર પાપી પેટને ધિક્કારી હુકમનું અપમાન કરવું, અપમાન કરનાર આસિફનું ખુન કરી, દુર્જને પોતે હુકમનો અમલ કરવા તૈયાર થવું. રૂહથી અટકાવવું. (ટેબ્લો.)

પ્રવેશ ૪ થો—પાનાચંદનું ઘર, પુત્રીના પૈસા લઇ મલકાતો પાનાચંદ, પૈસાને બદલે કોલસા નીકળવાથી દીલગીરીમાં ગરકાવ થાય છે. એટલામાં મધુરીને બદલે બુઢ્ઢાને પરણેલ નથુભાઇ લાહોરી ડંડા સાથે હાજર થાય છે. ગરમાગરમ ઘોંટાળો. નટવરે દરેક ઘોંટાળાનું સાચું સ્વરૂપ જણાવી શરૂ થયેલા જંગે બંગાલાને પુરો કરવો.

પ્રવેશ ૫ મો—સ્થળ મહેલ. નિમકહરામ રાજ્યલોભી દુર્જનસીંહ રાજ્ય પચાવી પાડવા, તથા લક્ષ્મિને પોતાની કરવા ભોળા સરદારોને ભરમાવે છે. કપટ જાળમાં ભોળા સરદારોનું ફસાવું. રાજાને કેદ કરવા સર્વેએ જવું.

પ્રવેશ ૬ ઠો—સ્થળ લગ્ન મંડપ. મદાંધસિંહના લક્ષ્મિને છેલ્લા સવાલ. લક્ષ્મિએ અડગ ટેક રાખવી.

વિચારના મજબુત સ્થંભો, નહિ ફરે તે નહિ ફરે,
વીર રમણી કોલ ઝાંખો, નહિ કરે તે નહિ કરે.

રાજાનો બળાત્કાર, દુર્જનના હાથે રાજા ઠાર, પોતે ગાદીપર બેસવા તૈયારી કરવી એટલામાં તારાના હાથે દુર્જનનું મોત તથા છેવટ લક્ષ્મિ–વિજય તેમજ રમણુ–તારાનાં લગ્ન અને વિજયને રાજ્યાભિષેક.

આનંદ આનંદ આનંદ

શ્રી પરમાત્મને નમઃ

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ પાત્રો.

મહાંધસિંહ . ...મોહપુરનો રાજા.
વિજયસિંહ... ... ...તેનો કુંવર.
દુર્જનસિંહ... ... ...તેનો સેનાધિપતિ.
રમણ... ... ...સેનાધિપતિનો પુત્ર.
સુજાનસિંહ... ... ...મહાંધસિંહનો દિવાન.
આસિફ... ... ...વફાદાર જેલર
મનહરલાલ... ... ...વિદ્વાન પરંતુ એક નિર્ધન વણીક પુત્ર.
પાનાચંદ ... ...એક કન્યા વિક્રય કરનાર ધનનો લોભી.
નથુભાઇ ... ...એક વયોવૃધ છતાં નાની કન્યાનો ઉમેદવાર.
નટવર... ... ...તેનો નોકર.

સ્ત્રી પાત્રો.

લક્ષ્મિ... ... ...અમરગઢના રાજા વૈરીસીંહની પુત્રી.
સુશીલા... ... ...દુર્જનસિંહની સ્ત્રી.
તારા... ... ...સુજાનસિંહ દિવાનની પુત્રી.
વિનોદી... ... ...લક્ષ્મિની સખી
મધુરી... ... ...પાનાચંદની પુત્રી.
બુઢી... ... ...એક સાઠ વરસની પ્રેમી સ્ત્રી.

સિવાય સરદારો, દરબારીયો, સીપાઇઓ, મારાઓ, સાજન, દાસીઓ, કંચનીઓ વીગેરે.

કચ્ચા

શ્રી

ૐ શ્રી પરમાત્મને નમઃ

શ્રી લક્ષ્મિ–વિજય નાટકનાં ગાયનો.

સુત્રધાર— 1

દે તું સન્મતિ હે હંસાસની આશ પુરણી
માતા શ્રી શારદે !
નૂતન કૃતિ કર રસ વતિ
યાચું રાચુ શાંન્તિ વરદાયિની,
શુભ વરદે—દેતું સન્મતિ.

બાળાઓ— ૨

પડે મોહીજન માયા કાચ પર, ધર્મ મણિ વણસાવે,
મરે જોઇતન પાપ દિપક પર, નરપતંગ ઝપલાવે.
પી ઝેર જીવ્યાની આશ ધરે કોઇ કાળ કહોશું તે ઉગરે,
પાતક પારાનું પાન કરે, જન મુરખ તે વિણ મોત મરે
ભવવ્યર્થ હરે—પડે મોહી.
જય સત્ય તણી દશ દિશ માંહીં, સૌ શાસ્ત્ર રહ્યાં સિધ્ધાન્ત કહી
કરણી સરખું ફળ દેઈ રહી, આલોક અને પરલોક મહીં
સમજાયે નહિં...પડે મોહી,

લક્ષ્મિ-વિજય— ૩

ચાલો ચતુરા અલબેલી,
આધિન છે, વામા વેલી,

વેલીના છો તરૂ બેલી,
નિર્ભય થઈ રહો નવેલી, ચાલો—
છે અમુલ્ય લાજ અમારી,
રક્ષણ કરજો સંભારી;
વચને વશ થઇ આ નારી,
રહેશે તમ ચર્ણ નમેલી, ચાલો—

તારા-- ૪

શાને સતાવે કામ બાળા બિચારી,
મ્હારા બાણે વિંધાય કુમારી, શાને—
યૌવન આવે, અમલ જણાવે,
તનમનને બહુ તાપે તપાવે,
પિડે જાણી આ નિર્બળ નારી, શાને—

સખિઓ તથા તારા-- ૫

વારેવા. વારેવા, પ્રિતમના તાનમાં તલ્લિન બન્યા ડાહ્યાંબા
ગયાં લોભાઇ બા. વારેવા—
હરખે મલકાય મુખ મોહન મળવા રંગમાં રેલવા.
પ્રેમથી ઝુલવા, અજબ, ઓહો. વારેવા—
હાંસીનાં કરો અહિંથી જાઓ;
સ્નેહે ગુંથેલી; અર્પો વરને, માળા પેલી.
જા જા હઠીલી ઘેલી જા, વારેવા—

તારા-રમણ-- ૬

શિખ્યા છો છંતર પિંડી છોગાળા, બાંધીશ પ્રીતી પ્રાશમાં
વારૂ બાંધીને શું કરશો બાળા,

કેદી ઉર આવાસમાં; મનની ચોકી;
રાખીશ રોકી—વા, વા, બાંધીશ પ્રીતી પાસમાં,
ભૂલ્યા શાને આપી શાણા વચનને,
કરો ક્ષમા સોંપું સ્વામા આ મનને,
જાજો રમણુજી મ્હારા, રખે વિસારો તારા,
કેમ વિસરાય, ચંદ્ર તારાથી શોભાય,
પ્રીયને જોઇને, મનરે, મોહીને, શિખ્યા છો—

મધુરી— ૭

આવી જુવાની પ્યારી, પરવશ પડી ગુજારૂં,
ધન લોભી તાત ધારી, મનડું મુઝાય મ્હારૂં,
થયા અંધ દ્રવ્ય ભાળી,
બાળાનો ભવ હે બાળી,
પાણીને મુકે પાણી, ક્યાં જઇ અરે પોકારૂં,
ડુબી હું દુઃખ દરીયે,
નહિ પામું શાન્તિ જરીયે,
દયા મુકી મીના અરીયે, જીવન દુઃખે જનારૂં—આવી૦

નથુશા, મધુરી, નટવર ૮

ચંચળ ચપળા ચીત ચળનાર
ચપળ ચકોરી છો પ્યારી
સમશાન જવાની તૈયારી
ગુલામ છું ગુણીયલ મારી ચંચળ૦
માનો લાડી
દુર અનાડી

સમજો વહાલી
દુર મવાલી
છેક ધ્રાસ તું તો ચાલી
ધોળે ધુળ ભરે ખાલી ચંચળ૦
ગમાર જાતું
મારી થાતું
જાન ન લેતું
એમાં છે શું
ભાગ્યહીણુ હું તો નારી
ગુલફામ બન્યો તારો પ્યારી ચંચળ૦

લક્ષ્મિ તથા સખિઓ— ૯

સખી સાચા સગા સંસારે, જાણીયે વ્હાલાજી,
ખરો નાર તણો આધાર, જાણીયે વ્હાલાજી,
રંગે રીઝાવે અતી, દેહને દિપાવે સતી,
રૂડો સોભાગ્ય શ્રૃંગાર, જાણીયે વ્હાલાજી,

સાખી.

સોંપી તનમન સ્નેહથી સેવા કરીએ સાર,
આધિન આજ્ઞામાં રહો, કંથજી છે કિર્તાર,
સહુ તિરથ વૃત નાથ ચરણમાં ગણીયેજીરે બ્હેની,
પતિ ભકિતનો પાઠ ભાવે, ભણીયેજીરે બ્હેની,

સાખી.

પામે સુખડાં સ્વર્ગનાં, સદ્‌ગુણથી સતિનાર
સેવી શ્યામ પ્રમોદથી, સરળ કરે અવતાર,

ધિક નારી કુવડને નઠારી કર્કસા, પરણ્યા પિયુની સામું બસે.
નિચ બુદ્ધની કુલટા કંધિ કુભારજા, સ્વામી તજી પર
સંગે હસે—સગી૦

વિનોદી તથા લક્ષ્મિ— ૧૦

પ્રિતમના પુજીશ પાય, પુરણ પ્રેમ કરી,
હાં પ્રેમ કરી, બહુ પ્રેમ કરી,
સેવા ધારીશ સદાય, નિત્યે નેમ ધરી,
હાં નેમ ધરી, બહુ નેમ ધરી,
શિખામણ પ્રમાણે વશ કરૂં વ્હાલથી,
લઇશિ સુખો સંસાર તણાં મુજ લાલથી,
એમ કે,
હા, બા, હા,
પુરો પ્રિતીનો અધ્યાય ભણી ચુકી હું ખરી—પ્રિતમના૦

સખિઓ-લક્ષ્મિ— ૧૧

ધીરી ધીરી સખિ અલબેલી, મન મહોન આવે.
આ આવે પ્રેમ ઘેલી.
રહો છાની, શરમાવો શું સાહેલી,
ત્હારા તનમાં લાગી છે તાલાવેલી—ધીરિ ધીરિ૦
સખિ જો પેલી કોકિલ રહી, કરતી ટહુકાર અધિર થઇ
કોયલી અધિરી એવી તું એ છે સખિરી,
અરે વાહ
શરમાવો શીદ ધીરિ ધીરિ૦

લક્ષ્મિ તથા વિજય ૧૨

મન મોહ્યું સુજાણ મારી મોહબાણ, રસિલાછો પ્રાણ
જાણું સુખ ખાણ

પૂરો પ્રિતિ ભંડાર, અલૌકિક નાર.
તમો દીલદાર, મ્હારા હૈયા હાર—મન મોહ્યું૦
રંગે ઉમંગે રિઝાવું નાથજી.
સદા રહીશું સાથજી
એમ આપો જો વચન,
લે આ વચન
આજ મનમાંહી થાય આનંદ અપાર,—મન મોહ્યું૦

સુશીલા— ૧૩

છે પાપ નર્કનું દ્વાર, સમજી લ્યો તજી
પતિ લ્યોને શિખામણ હિતની હેતે હૈયે ધરીરે,
કેવા કૌરવ બળપૂરા, થઇ ગયા પાપે ચૂરા.
માની લ્યો ફળ એવું નિર્ધાર સમજી લ્યો તજી.
વૈભવ વાદળની છાયા, ચાંદની કાયા માયા,
ચમકી રહેવાની એ ઘડી ચાર, સમજી લ્યો તજી.
છે પાપ નર્કનું દ્વાર—

મનહર— ૧૪

દુનીયામાં દામ કેરાં સગાં સહુ જાણજો.
દામે બંધાયો એવો સર્વે આ સંસાર છે રે;
લંપટ કુળવાન લેખાયે મુર્ખ જન ડાહ્યો મનાયે,
નિ ચોગરિય ગણાયે, નહિં તેનું માનજો.

વિનય ગુણ કંઈ ન વિચારે, નિર્ધનને સૌ ધિઃક્કારે
તરણાથી તુચ્છ ધારે, દરિદ્ર દુઃખ જાણજો—દુનિયામાં

મધુરી-ડોશી-નટવર— ૧૫

વાહ નાજુકડી નાર, જો સારા શણગાર,
લાવું પરણી ભરથાર; બની કાંકડી.
કરી લ્યું પૂરો ઠાઠ,
ઉઠી ધોળામાં વાટ.
આ તે વાજે શો દાટ, ધરડી માંકડી—વાહ નાજુકડી૦
કુંભકુંભનો ચાંદલો કરૂં કપાળે,
હું આંજણ આંજું તમને લાડી,
હાથે કંકણને, નાકે આ નથની, પ્હેરી લ્યો આ સાચી સાડી
(એ તો મને ગમાવડે છે લાવો ભા લાવો)
ચટકમટક ચાલ, ચટકેથી ચાલું
પાછળ હું વગાડું ઢોલ ત્રાસાં
ભરરરભ, ભરરરભ, ભરરરભ
પુરી ઉમ્મર પરણ્યા જેવી લ્હેરીથી મજા લેવી.
વારે ચૂડેલ દેવી, જોતાં લેવાડે આખડી-વાહ નાજુકડી૦

સુશિલા— ૧૬

શું કરવું હાયે,
હિતી શિક્ષાયે, જીવ આ જાયે. શું કરવું—
પતિની મતિ બહુ પાપે ઘેરાઇ,
મારે ક્રુર થઇરે સ્હાય પ્રભુ થાયે શું કરવું.

ટેબ્લો.

અંક ૨ જો.

વિજય— ૧૭

અજબ ખલ ખલક કેરા, ખેદ જોઇ પામતો,
મંદ મતિજન દુષ્ટ કૃતિ કરતાં ન લેશ વિરામતો,
પરિતાપ પામે પાપીઓ, અંતે પરાજય જામતો. અજબ.
તાત થઈ કૃતાન્ત સરખો, દુઃખ દે દુર્જન અરીજો.
વાળ ન વાંકો થાય જરીજો સત્ય સ્હાયક રામતો. અજબ

સુશિલા— ૧૮

જાઓ જાઓ સુખેથી બાળા સિધાવો,
તમારા સહુ વિઘ્નો સમૂળાહારી કરો હરિવર સ્હાય,
તેત્રીસ કોટી દેવ દેવી સહુ રક્ષણ કરશે સદાય,
ઇશિ કૃપાથી કદી નવ તમને ઉનો વાયુ વાય,
તમારાં સહુ વિઘ્ને—જાઓ, જાઓ.

લક્ષ્મિ— ૧૯

કર્મ તણો કોણ મર્મ બતાવે, ભ્રાન્તિ ભર્યું મન શાન્તિ ન લાવે
સુખનાં તો સ્વપ્ના હવે આવે, દુઃખણી અંતર દુઃખે ઉભરાવે
નિકળી ભવનથી વન જાએ ત્યાં દવ ભાગ્ય લગાવે,
ઉલટી દશા દુર્ભાગ્ય જણાવે, દુઃખમય આ જગ અનુભવવાવે

સ્ત્રી મંડલ— ૨૦

સર્વે સાહેલી, મળી મંગળ ગાવો,
મંગળ ગાવો, રૂડો અવસર આવ્યો.

લઇએ આનંદનો લ્હાવો રે, મળી મંગળ ગાવો,
સોનારે કેરા સુરજ આજેરે ઉગ્યા,
વ્હાલથી તેને વધાવો રે મળી મંગળ ગાવો,
ઇડરીયો ગઢ જીત્યાં અમો તો
લાડો લાખેણી લાડી લાવ્યો રે, મળી મંગળ ગાવો

નથુશા, ડોશી, નટવર— ૨૧

આવો મ્હારા લટકાળા, મોહનજીલાલ,
હાય મારૂં હૈયું તું કરતી હલાલ,
પણ છે શું
ડિયર પ્યાર દયો,
અજી દુર રહો,
જીગર જાન છો,
શીનપાટ લ્યો,
જોઈ લેજો જોડિ એક મરકી બીજો દુકાળ આવો.
ડાકણ છે કોણ તું,
પણ એમાં છે શું,
પાપ શું નડયાં,
કર્મથી જડયાં,
જરા જુઓ, આની સામુ આ અલબેલીના ભરથાર—આવો.

કંચનીઓ— ૨૨

હીલમીલ સંજની ગીલે મોહનસે;
મોરી લાગી લગ્ન બાલાપનસે;

મેરા બાલા જોબન બલખાય,
બન માલિબીના, ન સુહાય
મન મોહલીયો બંસી ધુનસે ડીલ૦
બની ચટક તુંકીલા ચાલ
મુખ હસ હસતકે નંદલાલ,
ઘાયલ મદભરે નંયનનસે.

તારા— ૨૩

આવી સ્વપ્નમાં સતાવે, મને સંદેશો કહાવે,
મદન લેખ મોકલાવે, બની બ્હાવરી,
મને બનાવે બ્હાવરી,—
મીઠી વાતે ઉંઘતી જગાડી વ્હાલાએ,
જાગી જોવું ત્યાં તો જીવન ના જણાયે,
નિત્ય વિરહ સ્નેહિનો સતાવે—મને બ્હાવરી૦
આવી મ્હારી પાછળ પાતળીયો બ્હીવરાવે.
ઘુંટડા સુધાના પરાણે પીવરાવે.
રંગ અનુરાગનો લગાવે— મને બ્હાવરી૦

તારા— ૨૪

દાસી હું તો છું સદાની મોહન મ્હારા.
નહિં તમ સેવા વિણ અવર માગું પિયુ પ્યારા;
સ્વામિસંગે વન તે, નંદન જાણું
હો ઘાસ પથારી પણ ફુલ સેજ પ્રમાણું.

સુખભોગ વિયોગે સર્વે અકારાં,
નહિં તમ સેવા વિણ
વન રવડ્યા સિતા ને દમયંતિ રાણી,
નિજ નાથ સાથ દુઃખ ભાગિ બને એમ શાણી,
રહે મસ્ત સતિ પીને પ્રિતે અમૃત ધારા,
નહિં તમ સેવા.

વિજય— ૨૫

સાચો પારસ મણી મળે મિત્ર ભાગ્યે કહીં.
કપટી સ્વાર્થી, પાષાણ છે જાહી તહીં,—સાચો
આધિ વ્યાધિ, ઉપાધી મટાવે,
તનમનના સૌ તાપ સમાવે,
પુન્યશાળિ જન કવચિત પાવે,
વિપતિ સ્હાયક દુર્લભ વિશ્વ મહીં.—સાચો

મધુરી— ૨૬

પૈસા સાટે વેચે જે સુતા પ્યારી, નર્કનો તે નર અધિકારી
બાળા બાંધે વૃદ્ધ કોટે અવિચારી, નર્કનો તે નર અધિકારી
દોરે ત્યાં જાનવર ગરિબડી કન્યા ગાય બિચારી.
પિડે પાપી, દુઃખ આપી, તે નિચ કશાઇ લ્યો ધારી. નર્કનો તે૦
દિકરી કેરા દામ મેળવી, ખોટી ધરે ખુમારી,
દે દાટી, થાય માટી ધનની બને અંતે ખુવારી. નર્કનો તે૦

નથુશા તથા ડોશી નટવર— ૨૭

લાગી બલા ડાકણ દિવાની. વાહ વાહ.
છો દિવાના ડાકણના જાની, ઓહો,

હાય ખટારો ખાંધે વળગ્યો આ કબજદાર,
બેશ રડયા, ધરડી ઘોડી લગામ લાલ
આવો મ્હારા નાથ,
બળ્યો તારો નાથ,
અહાહાહાહા
બોલો મ્હારા નાથ,
મુવો ત્હારો નાથ,
આહાહાહાહા લાગી બલા

" ટેબ્લો "

અંક ૩ જો.

મદાંધસિંહ— ૨૮

બાંધી એ પુત્ર કરૂં આવાર ઠાર હવે
વિદારૂં બની કાળ આ સિંહ સામે
શિયાળના છે શું ભાર—બાંધી એ૦
ક્રોધ લ્હાય વ્યાપે તાપે તન બળે આજે
ભિષ્મ ભડકેથી ભિતર આ દાઝે,
ઠારૂં નિચ રૂધિરનું નીર દઇ કરૂં કામ પાર, બાંધી એ૦

સુશિલા— ૨૯

દશા તણા દાબમાં દબાવ્યા છે અનેકરે
હે વિધી ત્હારી અકળ કળા;
ભલા ભલા ભુલ થાપ ખાઈ ગયા છેકરે

હે વિધી ત્હારી અકળ કળા,
કોમળ ફુલ ગુલાબનું સરજ્યું કંટક સાથ,
લખ્યું લલાટે કોણ તે, અટકાવે દઇ હાથ,
હે વિધિ ત્હારી

ક્યાં રસવતિ ક્યાં વન ફળો, રાજ ભવન ક્યાં રાન
દાસી સ્થાન ઉદાસિ રહિ, શું વિસરૂ ભગવાન
હે વિધિ ત્હારી

તારા તથા સુશિલા— ૩૦

વેગે વ્હેલેરા દિનબંધુ મ્હારે આવજોરે, (૨) વેગે૦
અવિનાશી છો અધમોદ્ધારણ;
અજામેળ ગજ ગણિકા તારણ
કેશી કંસવિદારણ કરૂણા લાવજોરે. (૨) વેગે૦
પૂર્યાં પટકુળ દ્રૌપદિ સતિને,
તાર્યો પ્રલ્હાદ હણી દુર્મતિને;
વિનવું એવા શ્રીપતિ શોક સમાવજોરે. (૨) વેગે૦

લક્ષ્મિ— ૩૧

અંતર્યામી નોધારાના આધારરે,
ગૃહિ બાહ્ય દાસિની હે અવિનાશી ઉગારજોરે;
ગરૂડાગામિ, લક્ષ્મિના ઉર હારરે,
હરિ દિન બાળાનું દુઃખ દયા હે નિવારજોરે;
જાણી નિરાધાર નારી, દે છે પાપી કષ્ટકારી,
વ્હાલા વિનંતી સ્વિકારી, લેજો અબળા ઉગારી;
વિભુ વિકટબંધ આવાર, વેગે વિદારજોરે.
ગૃહિ બાહ્ય દાસિની૦

તારી શવરિ નાર, શીલાની અહલ્યા કરી,
કીધી સતિની વ્હારં, દુષ્ટ નિશાચરને દમી,
દયા ધારોને બિરદ સંભારોને, જાણી નિરાધાર નારી.

મધુરી મનહર નથુશા, ડોશી
નટવર તથા પાનાચંદ } ૩૨

સ્નેહિને સ્નેહિ મળ્યાં, દુઃખ ટળ્યાં,
પાપ ફળ્યાં હાય,
હવેથી સીધા થયા.
વરસ ગયાં
હાય પ્રેમ હાય,
પુત્રિને જે વેચી દેશે, તે નર્કે જશે ને દુઃખિ થશે,
મળે છે કર્મ ફળ સદાય, ખરો દિસે પ્રભુનો ન્યાય,
ખુશાલીમાં આજે ઉભરાય,
હાય, હાય—સ્નેહિને સ્નેહિ મળ્યાં૦

(નાચ)

સર્વે— ૩૩

પ્રિતિ નિતી સુજનમાં પૂરણ સદા ઠરો,
કિર્તિ લક્ષ્મિ પામો ક્લેશ તજી સહુ મળો.
રસકસ વતી થઇ ભૂમિ સદા ફળે.
પ્રભુ છો મોહમદ હારી, ન્યાયી પીતા.
આપો રિદ્ધિ શુદ્ધમતિ, આ ભારતિ,
બાળપ્રતિ અમિ દ્રષ્ટિ કરો—પ્રિતિ નિતી૦

ૐ शान्ति शान्ति शान्ति

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે દર્શાવેલા નાટકનાં ગાયનોના ઓપેરાઓ રોકડી કી
અમારી શ્રી 'સરસ્વતિ નાટક સમાજ' નો જ્યાં જ્યાં મુકામ હશે
ત્યાંની ઓફીસમાંથી મળશે.

૧	અદલ ઈન્સાફ	૦—૨
૨	લક્ષ્મી વિજય	૦—[illegible]
૩	કીશોરસીંહ...	૦—[illegible]
૪	જુલ્મી જેસળ	૦—[illegible]
૫	કુસુમાવતી	૦—૨—૦
૬	નુગરો સાપ...	૦—૨—૦
૭	સૌભાગ્યવતી	૦—૨—૦
૮	ભક્તરાજ બોડાણો	૦—૨—૦
૯	સરસ્વતીચંદ્ર	૦—૨—૦
૧૦	તુળસીદાસ...	૦—૨—૦
૧૧	અભિમન્યુનો ચક્રાવો	૦—૨—૦
૧૨	લલિત મુગ્ધા	૦—૨—૦
૧૩	પારસમણી...	૦—૨—૦
૧૪	જુલ્મી જાલીમ	૦—૨—૦
૧૫	નવલ ગંગા...	૦—૨—૦
૧૬	મયુરધ્વજ	૦—૨—૦
૧૭	ઓખા હરણ	૦—૨—૦

માલેક,

શ્રી સરસ્વતી નાટક સમાજ.